# ધારાસભ્ય અશોક પટેલની કાર સાથે ગાય અથડાઈ

### ઘ-૦ પાસે અકસ્માત સર્જાયો : પરિવારનો આબાદ બચાવ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ આજે સવારે બે સંતાનોને લઈને અમદાવાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે ઘ-૦ થી ગ-૦ જતા માર્ગ પર દોડી આવેલ ગાય કુદીને સીધી તેમની ગાડી ઉપર પડી હતી



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

આ અકસ્માતમાં સદભાગ્યે પરિવારનો બાદ બચાવ થવા પામ્યો છે. ધારાસભ્યની દિકરીને હાથે કાચનો ટુકડો ઘુસી જતાં સામાન્ય શસ્ત્રક્રિયા વડે કાચ કાઢી લેવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાં રખડતા ઢોરોનો ત્રાસ અને રખડતા ઢોરોને કારણે અકસ્માતો અંગે અનેકવાર નાગરિકો અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તંત્રને રજુઆત કરવામાં આવી છે. કોર્પોરેશન દ્વારા શહેર વિસ્તારમાં પ્રતિબંધ જાહેર કરી પશુપાલક-માલધારીઓને દંડ કરવા સુધીની જાહેરાત કરી દીધી છે. જો કે હજુ સુધી આ પ્રશ્નનો નિકાલ આવ્યો નથી. દર બે ચાર દિવસે ઢોરોને કારણે એકાદ નાનો-મોટો અકસ્માતનો ભોગ સામાન્ય વ્યકિત તો બને જ છે પરંતુ તે બાબત સામાન્ય ઘટનાની જેમ ગણાઈ જાય છે અને નોંધ પણ લેવાતી નથી પરંતુ આજે ગાંધીનગર ઉત્તર બેઠકના ધારાસભ્ય અશોક પટેલ રખડતા ઢોરના કારણે અકસ્માતનો ભોગ બન્યા છે અશોક પટેલ તેની દિકરી પાયલ અને દિકરા વિશેષ ને લઈને એસેન્ટ ગાડીમાં અમદાવાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે ઘ-૦ થી ગ-૦ જતા રસ્તામાં અચાનક તેમની ગાડી ઉપર એક ગાય આવીને કુદી હતી ગાડીના કાચ પણ ફુટી ગયા હતાં સદભાગ્યે ધારાસભ્ય તથા તેમના સંતાનોનો આબાદ બચાવ થવા પામ્યો હતો દિકરી પાયલને હાથે કાચ ઘુસી જતા ઓપરેશન કરવું પડયું હતું. તેને બાદ કરતા કોઈને મોટી ઈજા થવા પામી ન હતી.

# શહેરના મુખ્યમાર્ગોનું ૪ કરોડના ખર્ચે બ્યુટીફિકેશન

### સેન્ટ્રલવર્જને કલર થશે : પ્રથમવાર ઓટોમેટીક મશીનથી થર્મોપ્લાસ્ટના પટ્ટા કરાશે

ગાંધીનગર, તા.૧૭

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરના વિવિધ માર્ગોની સુંદરતા વધારવા રોડ ફર્નિચરનું કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે જયારે ડીસેમ્બર મહીનાના અંતમાં કામ પૂર્ણ કરી દેવાશે.

જાન્યુઆરી મહીનામાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરને પણ વાઈબ્રન્ટ લુક આપવા તંત્ર સજ્જ બન્યું છે. વાઈબ્રન્ટ સમિટમાં દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગરની મુલાકાતે આવવાના હોવાથી શહેરનો સ્વચ્છ અને દબાણમુકત બનાવવા ઉપરાંત બ્યુટીફીકેશનના કામો હાથ ધરવા પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં વિવિધ માર્ગોનું નવીનીકરણ હાથ ધરવામાં આવનાર છે જયારે શહેરના રોડ નેટવર્કને અનુલક્ષી જરુરી રોડ ફર્નિચરનું કામ પણ હાથ ધરાશે. સૂત્રોના જણાવ્યા મુજબ રસ્તાઓના બ્યુટીફીકેશન અન્વયે માર્ગોની વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં કલર કરવામાં આવશે. આ ઉપરાંત માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવામાં આવશે. આ માટે પ્રથમવાર ઓટોમેટીક મશીનનો ઉપયોગ કરવામાં આવશે. કેટઆઈ તેમજ મીડીયન મીડર પણ લગાવાશે. માર્ગોના બ્યુટીફીકેશનું કામ ડીસેમ્બરમાં શરુ કરી દેવાશે જયારે એક મહીનામાં સંપૂર્ણ કામગીરી પૂર્ણ થઈ જશે. આ કામને અનુલક્ષી ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. ટૂંકમાં કામ શરુ થઈ જશે.



# વાઈબ્રન્ટ પૂર્વે સ્વર્ણિમ પાર્કની બન્ને બાજુના રસ્તાઓ ચકાચક બનાવાશે

### 'ખ' અને 'છ' માર્ગ ઉપરાંત રોડ નં. ૭ નું પણ નવીનીકરણ કરાશે : ૧૩ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૧૭

શહેરના રોડનેટવર્કની સુધારણા પાછળ રૂ. ૧૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સ્વર્ણિમ પાર્કમાં સ્થિત રસ્તાઓ ઉપરાંત ખ-માર્ગ તેમજ રોડ નં. ૭ નું નવીનીકરણ કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આ રૂટમાં મહાનુભાવોની વિશેષ અવર-જવર રહેવાની હોવાથી રસ્તાઓને ચકાચક બનાવી દેવાશે.

શહેરમાં માર્ગ નવીનીકરણના મોટાભાગના કામો પૂર્ણ કરી દેવાયા છે ત્યારે આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી જરૂરી માર્ગ સુધારણાના કામોને મંજૂરી આપવામાં આવી છે. વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ માર્ગોને ચકાચક બનાવવા તંત્ર દ્વારા અગાઉ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જે અન્વયે વિવિધ ચાર માર્ગોનું કામ હાથ ધરવામાં આવશે. જેમાં ખ-૧ થી ખ-૭, છ-૩ થી છ-૫ તેમજ રોડ નં. ૭ ને ચકાચક બનાવી દેવાશે. આ ઉપરાંત સ્વર્ણિમ પાર્કમાં સ્થિત રસ્તાઓની સુધારણાનું પણ કામ હાથ ધરાશે. ઘ-૨ ગ-૪ વચ્ચે પ્રથમ તબક્કાની કામગીરી દરમિયાન સ્વર્ણિમ પાર્કની બન્ને બાજુ નિર્માણ કરાયેલા રસ્તાઓનું નિયત સમયના અંતે નવીનીકરણ જરૂરી હોવાથી આ રસ્તાઓની પણ સુધારણા હાથ ધરાશે. હાલ 'ખ' માર્ગ પર માર્ગ નવીનીકરણના કામો અન્વયે આ કામગીરી શરૂ કરી દેવાઈ છે. જ્યારે વાઈબ્રન્ટ પૂર્વે આ તમામ રસ્તાઓને ટનાટન બનાવી દેવાશે. માર્ગ નવીનીકરણની સાથે માર્ગ પર જરૂરી બ્યુટીફીકેશનનું કામ પણ હાથ ધરવામાં આવશે.

# વાઈબ્રન્ટ સમિટમાં ૫ હજાર પોલીસ બંદોબસ્ત સંભાળશે

### રાજયભરમાંથી અનુભવી પોલીસ અધિકારીઓ જાન્યુઆરીમાં ગાંધીનગર બોલાવી લેવાશે

ગાંધીનગર, તા.૧૭

રાજયના પાટનગરમાં જાન્યુઆરી માસમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટ પર દેશ વિદેશની નજર છે ત્યારે વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓમાં વહીવટીતંત્રથી માંડીને તમામ લાગતા વળગતા ખાતાઓ દ્વારા તડામાર તૈયારીઓનો દોર શરુ કરી દેવામાં આવ્યો છે. દેશ વિદેશથી ગાંધીનગરમાં આવનાર વીવીઆઈપી મહાનુભાવો સહીતના તમામ આમંત્રીતોની સુરક્ષા માટે પોલીસ દ્વારા કડક બંદોબસ્ત સ્કીમ તૈયાર થઈ રહી છે.

વાઈબ્રન્ટ સમિટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ પણ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે રાજયના વિવિધ મોટા ભાગના જિલ્લાઓમાંથી પોલીસ ગાંધીનગર બોલાવી બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટમાં દોઢસોથી વધુ દેશોને આમંત્રણ આપવામાં આવ્યું છે ત્યારે તેમની સુરક્ષા સલામતી માં કોઈ કચાશ ન રહે તેનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

અંદાજે પાંચ હજાર પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ બંદોબસ્ત સંભાળશે. તે ઉપરાંત વાઈબ્રન્ટ સમિટમાં અગાઉ બંદોબસ્ત કરી ચુકલા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓને જાન્યુઆરીમાં ગાંધીનગર બોલાવી લેવામાં આશે. ૩ આઈજીપી કક્ષાના અને ૧૦ જેટલા ડીએસપી કક્ષાના અધિકારીઓ બંદોબસ્તમાં તૈનાત રહેશે.

# જ્યોતિષ ભટ્ટને રાષ્ટ્રપતિ ચંદ્રક



ગાંધીનગર, તા. ૧૭

ધ્રાંગધ્રાના નાયબ કલેક્ટર જ્યોતિષ ભટ્ટને તાજેતરમાં વસ્તી ગણતરી ૨૦૧૧ માં શ્રેષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. ધ્રાંગધ્રાના વર્તમાન નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી તેમજ તત્કાલિન તાપીના નાયબ કલેક્ટર જ્યોતિષ ભટ્ટને વર્ષ-૨૦૧૧ માં વસ્તી ગણતરીની કામગીરી સોંપવામાં આવી હતી. જ્યોતિષ ભટ્ટે આ કામગીરી શ્રેષ્ઠત્તમ સેવાઓ આપતા તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્વારા તેમને સિલ્વર મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.



સીવીલ હોસ્પિટલનો નવો અવતાર : ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વધુ એક બ્લોક તૈયાર થઈ રહ્યો છે... અત્યંત આધુનિક સુવિધાઓ સાથે તૈયાર થઈ રહેલ સિવિલ હોસ્પિટલના વિસ્તરણનો બ્લોક ગાંધીનગર વિસ્તાર માટે ઉપકારક બનશે. નવા રૂપ-રંગ સાથે તૈયાર થતો આ સિવિલનો નવો બ્લોક કોર્પોરેટ હોસ્પિટલનો લૂક આપે છે... (તસવીર : કશ્યપ નિમવાત)

# સેન્ટ્રલ વર્જના છોડ તોતીંગ વૃક્ષ બની જતા સ્થિતિ ભયજનક

### સમયાંતરે કાળજી ન લેવાતા છોડ વટવૃક્ષ બની ગયા

### ફૂલછોડથી હરીયાળા લાગતા માર્ગો ઉપર વૃક્ષો અડચણરૂપ

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યના પાટનગરમાં આવેલ તમામ માર્ગો ચાર



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

માર્ગીય અને છ માર્ગીય બનાવવામાં આવ્યા છે. આ માર્ગોની સુંદરતામાં ચાર ચાંદ લગાવતા વિશાળ સર્કલો અને ડીવાઈડર આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. માર્ગોની વચ્ચે ડીવાઈડર ઉપર તત્કાલીન સમયે ફૂલછોડ વાવીને હરીયાળા વાતાવરણનો અદ્‌ભૂત નજારો ઉભો કરાયો હતો. પરંતુ સમયાંતરે આ ફૂલ છોડની માવજત કાપણી અને કાળજી ન લેવાતા તોતીંગ વૃક્ષ બની જઈ માર્ગો ઉપર કદરૂપા ભાસી રહ્યા છે. જેથી પાટનગરનો અસલ હરીયાળા શબ્દનો દિન પ્રતિદિન છેડ ઉડી રહ્યો છે. અને આવા હાલના દશ્યો જોઈ પ્રથમથી જ વસવાટ કરી રહેલા નગરજનોમાં વ્યાપક દુ:ખની લાગણી ઉભી થઈ રહી છે.

રાજ્યનું હરીયાળુ શહેર એવું ગાંધીનગર તેની મુખ્ય ઓળખ એવા ફૂલ-છોડ અને વૃક્ષો પ્રત્યે અણગમો વ્યક્ત કરી રહ્યું હોય તેવા દશ્યો સર્જાઈ રહ્યા છે. નગરની રચના કરવામાં આવી હતી ત્યારે ભૌગોલિક સ્થિતિ મુજબ માર્ગોને ચાર અથવા છ લાઈનના બનાવવામાં આવ્યા હતા તેમજ આ માર્ગો વચ્ચે આકર્ષક સર્કલો અને ડીવાઈડર બનાવી સુંદરતાની સાથોસાથ પ્રથમથી જ સલામતીને ધ્યાને રખાઈ હતી. નગરના માર્ગો ઉપર વાહન લઈને નીકળતાં જ મનને ઠંડક લાગે તેવા ડીવાઈડર વચ્ચેના ફૂલ-છોડ એક અદ્‌ભૂત તસ્વીર ઉભી કરી રહ્યા હતા. તેમજ પહોળા માર્ગો ઉપર ભય વગર વાહન ચલાવવુ એકદમ સરળ બનતુ હતુ. અને સર્કલોમાં હરીયાળુ ઘાસ અને સાજસજાવટ મનને મોહી લેતુ હતુ જેથી રાજ્યભરમાંથી લોકો નગરને નીહાળવા ઉમટતા હતા.

પરંતુ સમયાંતરે માર્ગો વચ્ચેના ડીવાઈડર ઉપર વાવેલા ફૂલછોડની યોગ્ય માવજત, કાપણી અને કાળજી ન લેવાતા આ છોડ તોતીંગ વૃક્ષોમાં તબદીલ થઈ ગયા છે તેમજ માર્ગો ઉપર ડાળીઓ તથા વૃક્ષો લચી પડી ભયજનક સ્થિતિમાં અડચણરૂપ બની રહ્યા છે. નગરનો અદ્‌ભૂત નજારો હાલ કદરૂપો ભાસી રહ્યો છે. હરીયાળા નગરમાં જ તે સમયે વાવેલા છોડ વૃક્ષો બની ગયા છે જે અમુક સ્થળોએ આશીર્વાદરૂપ બન્યા છે જ્યારે માર્ગો ઉપર તોતીંગ વૃક્ષ જોખમી બન્યા છે. વધુમાં સમય જતાં માર્ગો ઉપરનો ટ્રાફીક પણ અનેક ગણો વધી ગયો છે જેથી આ વણમાંગેલી સમસ્યાનો સમયસર ઉપાય થાય અને માર્ગો ઉપર ફક્ત ફૂલ છોડ કે મહેંદી જેવું વાવવામાં આવે તેવી માંગ નગરજનોમાં ઉઠી છે.

# સસ્તા અનાજની દુકાનોમાં આવતીકાલથી જ અનાજનું વિતરણ ચાલુ કરાશે

### રેશનકાર્ડ, બાયોમેટ્રિક લેવાના બાકી હોય તેનો દુકાનદીઠ સર્વે કરાશે : દુકાનદારો પોતે પણ કૂપન કાઢવામાં સહયોગ આપશે

ગાંધીનગર, તા.૧૭

છેલ્લા કેટલાક સમયથી રાજયમાં રેશનકાર્ડ સંબંધી યોજાયેલા પ્રશ્નો અંગે આજે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા ફેરપ્રાઈઝ શોપ એસોસિએશન વચ્ચે યોજાયેલ બેઠકમાં સુખદ ઉકેલ આવ્યો છે. જે લોકોના રેશનકાર્ડ અથવા બાયોમેટ્રિક લેવાના બાકી છે તેઓને રેશનકાર્ડ મળે ઉપરાંત બાયોમેટ્રિક લેવાના બાકી હોય તો તેઓને પણ જલ્દીથી રેશનકાર્ડ મળે ઉપરાંત બાયોમેટ્રિક લેવાઈ જાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે. આજે મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે યોજાયેલી બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ દુકાનદારો પોતે પણ કુપન કાઢવા સહયોગ આપશે તથા બીજી તરફ બાયોમેટ્રિક સિસ્ટમ વધારે સરળ બને તેની પણ વ્યવસ્થા કરવામાં આવશે. આજની બેઠકમાં રેશનકાર્ડ સંબંધિત પ્રશ્નોના સાનુકુળ ઉકેલથી પ્રભાવિત થઈને ફેરપ્રાઈઝ શોપ એસોસિએશનના પ્રમુખશ્રી પ્રહલાદભાઈ મોદીએ આવતીકાલથી જ સસ્તા અનાજની દુકાનો દ્વારા અનાજનું વિતરણ કરવાની રાજય સરકારને ખાત્રી આપી હતી.

આજે મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અગ્ર સચિવશ્રી આર.પી. ગુપ્તા તથા ફેરપ્રાઈઝ શોપ એસોસિએશનના પ્રમુખશ્રી પ્રહલાદભાઈ મોદી અને એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે યોજાયેલ બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા હતા તે મુજબ જે લોકોના રેશનકાર્ડ મેળવવાના બાકી હોય એવા રેશનકાર્ડ ધારકોની દુકાનવાર યાદી બનાવવામાં આવશે અને દરેક દુકાન પર સરકાર બે-બે દિવસ માટે પોતાના માણસોની વ્યવસ્થા ઉભી કરીને જેમને રેશનકાર્ડ નથી મળ્યું અથવા તો બાયોમેટ્રીક લવાયેલ નથી તેને જલ્દીથી બાયો મેટ્રીક સાથેનું રેશનકાર્ડ મળી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે જેમાં દુકાનદારો પણ સહયોગ આપશે.

# કેબિનેટ મંત્રી બોખીરીયા સહિત ચાર નિર્દોષ

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં ભારે સનસનાટી મચાવનાર રૂા. ૫૪ કરોડના ખનિજ ચોરી કેસમાં રાજ્યના કેબિનેટ પ્રધાન બાબુભાઈ બોખીરીયા ઉપરાંત માજી સાંસદ ભરત ઓડેદરા, માર્કેટીંગ યાર્ડના ચેરમેન લક્ષ્મણ ઓડેદરા અને ભીમાદુલા ઓડેદરાને પોરબંદરની કોર્ટે અગાઉ આપેલી ત્રણ વર્ષ અને બે મહિનાની સજાને આજે પોરબંદરના એડિશનલ સેશન જજ એમવી ઝાલાએ રદ કરી તમામ ચાર આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. આ ચૂકાદાથી રાજ્ય સરકારને મોટી રાહત થઈ છે અને સરકારના મંત્રી સામે થયેલા ભ્રષ્ટાચારના કેસમાં મંત્રી નિર્દોષ છુટી જતાં વિરોધપક્ષ પાસેથી ભ્રષ્ટાચાર અંગે ગુજરાત સરકાર સામે ગંભીર આક્ષેપ કરવાનો સળગતો મુદ્દો હાથમાં સરકી ગયો છે.

સુત્રોના જણાવ્યા અનુસાર આ ચારેય આગેવાનો સામે લાઈમ સ્ટોનની કરચોરીનો આરોપ મુકવામાં આવ્યો હતો જે પૈકી એક કેસમાં સૌરાષ્ટ્ર કેમિકલ્સના માઈન્ડીંગ ઈન્સ્પેકટરે બાબુ બોખીરીયા સહિત ચાર શખ્સો સામે રૂા. ૫૪ કરોડના લાઈમ સ્ટોનની ચોરીની ફરીયાદ નોંધાવી હતી. આ ફરિયાદના પગલે તત્કાલીન જીલ્લા કલેક્ટરે તપાસના આદેશ આપ્યા હતા અને આ ચારેય લોકો સામે ગુનો દાખલ કર્યો હતો. આ મામલામાં તપાસ પુરી થયા બાદ પોરબંદરના જ્યુડિશનલ મેજીસ્ટ્રેટે ચારેયને ત્રણ વર્ષ અને બે મહિનાની સજા ફટકારી હતી.

### ગાંધીનગર ખાતે 'સ્કીલ ડેવલપમેન્ટ-મોબિલીટી ચેનલ્સ' સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૧૭

વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ પ્રિ-ઈવેન્ટના ભાગ રૂપે તા. ૨૦ નવેમ્બરે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ઉપસ્થિતિમાં 'સ્કીલ ડેવલપમેન્ટ-મોબિલીટી ચેનલ્સ' વિષયક એક દિવસીય સેમિનાર યોજાશે. મહાત્મા મંદિર ખાતે યોજાનાર સેમિનારમાં નાણા, ઉર્જા પેટ્રોકેમિકલ, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ અને રાજયકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોર ખાસ ઉપસ્થિત રહેશે.

શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સવારે ૧૦-૦૦ કલાકે મહાત્મા મંદિર ખાતે યોજાનાર સેમિનારમાં વિવિધ ક્ષેત્રના અંદાજે ૪૦૦ મહાનુભાવો સહિત ડેલીગેટ ઉપસ્થિત રહેશે. સેમિનારમાં ઉદઘાટન સત્ર બાદ સ્કીલ ડેવલપમેન્ટ-મોબિલીટી ચેનલ્સ વિષય પર બે ટેકનિકલ સત્રો યોજાશે. જેમાં સ્કીલ ડેવલપમેન્ટને લગતા વિષયો પર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT Kisan ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com